# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: કલ્પના શાહ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

## તારીખ : ૦૪-૦૭-૨૦૨૪ ગુરુવાર સમય : સાંજે ૬:25 કલાકે

---

## સુજલામ સુફલામ અભિયાન:

સુજલામ સુફલામ જળ અભિયાન હેઠળના સાતમા તબક્કામાં રાજ્ય માં પાણીની સંગ્રહ ક્ષમતા વધીને 11 હજાર 523 લાખ ઘનફૂટ થઇ છે.
રાજ્ય સરકારની આ વિશિષ્ટ પહેલમાં જળ સંસાધન ,જળ વિતરણ, વન અને પર્યાવરણ, શહેરી વિકાસ અને મહાનગરપાલિકા ,નર્મદા નિગમ, શિક્ષણ વિભાગ અને પંચાયત તેમજ ગ્રામીણ વિકાસ જેવા વિભાગોના સમન્વયની સાથે સાથે મોટી સંખ્યામાં જનભાગીદારી પણ જોવા મળી છે.

સુજલામ સુફલામ જળ અભિયાનના સાતમા તબક્કા હેઠળ થયેલા કાર્યોની વિગતવાર જાણકારી આપતા જળ સંસાધન વિભાગના સચિવ બી કે રાબડિયાએ જણાવ્યું કે , આ અભિયાન હેઠળ આ વર્ષે 9 હજાર 374 કામો કરવામાં આવ્યા છે. આ દરમિયાન 7 લાખ 23 હજાર માનવ રોજગારીનું સર્જન પણ થયું છે.

ઉલ્લેખનીય છે કે , રાજ્યના આ ભગીરથ પ્રયાસનો વ્યાપક ઉદ્દેશ રાજ્યના શુષ્ક પરિદ્રષ્યને બદલવાનો છે. આ વ્યાપક અભિયાન ભૂગર્ભ જળના સ્તરને વધારવા, જળાશયોની સફાઈ કરવા અને પરંપરાગત જળ સંસાધનોને પુનર્જીવિત કરવા પર કેન્દ્રિત છે..

- (RNU અમદાવાદ)

---

## સંપૂર્ણતા અભિયાન:

નીતિ આયોગે આજથી ત્રણ મહિનાના સંપૂર્ણતા અભિયાનનો પ્રારંભ કર્યો છે. આ ઝુંબેશ અંતર્ગત નક્કી કરાયેલા મહત્વકાંક્ષી જિલ્લાઓ અને વિસ્તારોમાં છ મુખ્ય સૂચકાંક હાંસલ કરવાનો લક્ષ્યાંક છે. આ સૂચકાંકોમાં આરોગ્ય, પોષણ, કૃષિ, શિક્ષણ અને રોજગાર સમેલ છે. 30 ઑક્ટોબર સુધી ચાલનારા અભિયાન અંતર્ગત 112 જિલ્લાઓ તેમજ 500 બ્લૉકમાં વિવિધ કાર્યક્રમો હાથ ધરાશે.

ઝુંબેશ અંતર્ગત નીતિ આયોગ કેટલાક કાર્યોની યાદી જિલ્લાઓ અને બ્લૉકમાં ઉપલબ્ધ કરાવશે, જેને જે – તે જિલ્લામાં અમલી બનાવાશે. આ ઉપરાંત ઝુંબેશને ઝડપી બનાવવા તેમજ

લોકભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે નિયમિત રૂપે લોક સંપર્કનું આયોજન કરાશે. સંપૂર્ણતા અભિયાન અંતર્ગત મહત્વકાંક્ષી 300 તાલુકાઓમાં રાજ્યના 13 તાલુકાઓ સમાવિષ્ટ છે.

- (RNU અમદાવાદ)

---

## દયાપર ખાતે સંપૂર્ણતા અભિયાનનો પ્રારંભ:

નીતિ આયોગના નાયબ નિયામક સુશ્રી અંશિકા ગુપ્તાએ આજે જીલ્લાના દયાપર ખાતે એસ્પિરેશનલ તાલુકા લખપત અને રાપર માટે 'સંપૂર્ણતા અભિયાન'નો પ્રારંભ કરાવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ભારત સરકાર દ્વારા કચ્છ જિલ્લાના લખપત અને રાપર તાલુકાને એસ્પિરેશનલ તાલુકાની કેટેગરીમાં આવરી લેવામાં આવ્યા છે. જેથી ચોથી જૂલાઈથી ૩૦ સપ્ટેમ્બર સુધી લખપત અને રાપર તાલુકામાં ૬ સૂચકાંક સાથે તાલુકાના વિકાસ માટે આયોજનબદ્ધ રીતે યોજનાઓનો લાભ લોકો સુધી પહોંચાડવામાં આવશે.

આ પ્રસંગે 'સંપૂર્ણતા અભિયાન'ને એક મહત્વપૂર્ણ અભિયાન ગણાવતા નીતિ આયોગના નાયબ નિયામક સુશ્રી અંશિકા ગુપ્તાએ જણાવ્યું કે , આગામી ત્રણ મહિનામાં વિવિધ સરકારી યોજનાઓનો લાભ જન -જન સુધી પહોંચે તે માટે આયોજનબદ્ધ પ્રયાસો જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવશે.

સંપૂર્ણતા અભિયાન' લોન્ચિંગ કાર્યક્રમ દરમિયાન લખપત અને રાપર તાલુકાના વિવિધ લાભાર્થીઓને વિવિધ લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

- (માહિતીખાતું ભુજ)

---

## મોંઘવારી ભથ્થામાં વધારો:

સાતમા પગાર પંચનો લાભ મેળવતા રાજ્ય સરકારના કર્મચારીઓને કેન્દ્રના ધોરણે મોંઘવારી ભથ્થામાં ૪ ટકા વધારાનો લાભ ગત પહેલી જાન્યુઆરી ૨૦૨૪થી આપવાની જાહેરાત કરાઈ છે.

આ મોંઘવારી ભથ્થાના વધારાનો લાભ રાજ્ય સરકારના , પંચાયત સેવાના તથા અન્ય એમ કુલ ૪ લાખ ૭૧ હજાર કર્મયોગીઓ અને અંદાજે ૪ લાખ ૭૩ હજાર જેટલા નિવૃત્ત કર્મચારીઓને મળવાપાત્ર થશે. મોંઘવારી ભથ્થાની પહેલી જાન્યુઆરી ૨૦૨૪ થી ૩૦ જૂન ૨૦૨૪ સુધીની તફાવતની રકમ ત્રણ હપ્તામાં પગાર સાથે ચૂકવવામાં આવશે.

અત્રે જણાવીએ કે, રાજ્ય સરકાર આ એરિયર્સ પેટે કુલ મળીને ૧૧૨૯ કરોડ ૫૧ લાખ રૂપિયાની કર્મચારીઓને ચુકવણી કરશે.

- (RNU અમદાવાદ)

## વન વિભાગ દ્વારા કયુઆર કોડ લોન્ચ:

વન વિભાગ દ્વારા રાજ્યભરમાં નાગરિકોને નજીવા દરે ઉચ્ચ ગુણવતાયુક્ત રોપાઓ ઘરની નજીક ઉપલબ્ધ થાય છે તે માટે ‘ **QR** કોડ’ લોન્ચ કરવામાં આવ્યો છે. આ **QR** કોડ સ્કેન કરવાથી આપના ઘરની નજીક કઈ કઈ નર્સરી ઉપલબ્ધ છે , તેની માહિતી ઓનલાઈન મેળવી શકાશે. આ **QR** કોડ સ્કેન કરતા ગુજરાત વન વિભાગની તમામ નર્સરીઓની માહિતી દર્શાવતો નક્શો જોવા મળશે. આ નક્શામાં દર્શાવેલ કોઈપણ નર્સરીમાંથી કોઈપણ વ્યક્તિ ખૂબ જ નજીવી કિંમતે ઉચ્ચ ગુણવત્તાવાળા રોપાઓ મેળવી શકે છે.

ઉપરાંત, વ્હોટ્સએપ નંબર ૮૩૨૦૦ ૦૨૦૦૦ પર“ **Hi** ”ટેક્ષ્ટ અથવા કોલ કરવાથી ફોનમાં મેસેજ દ્વારા એક લીંક મળશે. જે પર થી ગુજરાત વન વિભાગ હસ્તકની નર્સરીઓની માહિતી મેળવી શકાશે.

રોપાઓ સિવાય પણ રાજ્યભરમાં વન વિભાગને સંબંધિત કોઈ પણ માહિતી-મદદની જરૂર હોય તો ટોલ ફ્રી નંબર ૧૯૨૬ પર સંપર્ક કરવાનો રહેશે.

- (RNU અમદાવાદ)

---

## જીલ્લામાં જળાશયોની સ્થિતિ:

રાજ્ય પર સર્જાયેલી સાયક્લોનિક સર્ક્યુલેશન સીસ્ટમની અસર હેઠળ જીલ્લામાં હાલમાં થયેલ વરસાદ સચરાચર ન હોતા ડેમ જળાશયોમાં પાણીની નોંધનીય આવક થઇ નથી. ડેમોમાં ગત વર્ષની તુલનાએ ૨૦ ટકા ઓછો જળ સંગ્રહ થયો છે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---